સાબરકાંઠા, અરવલ્લીમાં આંખ આવવાના દૈનિક કેસ વધીને ૭૦૦૦ને પાર...!!!!

આગામી સપ્તાહમાં આંખનો રોગચાળો ભરડો લે તેવી દહેશત : શૈક્ષણિક સંકુલોમાં રોગચાળો સૌથી વધુ દેખાયો

બાયડ, તા.૦૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આંખ આવવાના દૈનિક કેસ વધીને ૭૦૦૦ને પાર પહોંચી ગયા છે અને આગામી સપ્તાહમાં આંખનો રોગચાળો મોટાભાગના વિસ્તારોને ભરડામાં લે તેવી દહેશત વધી ગઈ છે. ખાસ કરીને શૈક્ષણિક સંકુલોમાં આંખનો રોગચાળો કાબુ બહાર જતાં તેની સીધી અસર વિદ્યાર્થી સંખ્યા ઉપર જોવા મળી રહી છે. જિલ્લાના ૯૦૦થી વધુ શિક્ષકો આંખ રોગચાળાની ઝપેટમાં આવ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે આંખોના રોગચાળાએ આરોગ્ય તંત્ર અને ખાસ કરીને નિષ્ણાત તબીબોને વિચારતા કરી દીધા છે. દર વર્ષે ચોમાસા દરમ્યાન હવામાં ભેજનું પ્રમાણ વધ્યા પછી કન્ફેક્ટીવાઈટીસ તરીકે ઓળખાતો આંખનો રોગચાળો

વકરતો હતો પરંતુ તે કેસ સિમિત રહેતા હતા પરંતુ આ વર્ષે જુલાઈના અંતિમ સપ્તાહથી શરુ થયેલા આંખોના રોગચાળાએ એક પછી એક ૧૪ તાલુકાના શૈક્ષણિક સંકુલોથી માંડી લોકોને સકંજામાં લઈ લીધા છે. જ્યારે સામાન્ય દવાથી પણ ભૂતકાળમાં રોગચાળો કાબુમાં આવતો હતો પરંતુ હવે એક સપ્તાહ સુધી રોગચાળામાંથી દર્દી સાજો થતો નથી. એન્ટીબાયોટીક ડ્રોપનું પ્રમાણ વધારવામાં આવે તો પણ દર્દીઓને સામાન્ય રાહત થતી હોય છે. ખાસ કરીને જિલ્લાના હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ધનસુરા, બાયડ, મોડાસા અને માલપુર પંથકમાં આંખોના રોગચાળાનું અતિક્રમણ થયાનું જાણવા મળ્યું છે. કેટલાક આંખ રોગ નિષ્ણાત ડાક્ટરોએ જણાવ્યું કે આંખ આવે એટલે દર્દીએ કાળજી રાખવી જોઈએ અન્યથા આ વખતે કન્ફેક્ટીવાઈટીસ તરીકે ઓળખાતો આંખનો રોગચાળો આંખોને વધુ નુક્સાન પહોંચાડી શકે છે. કેટલાક વિસ્તારોમાં તો ઘરના તમામ સભ્યો આંખ રોગમાં સપડાતાં આવા પિરવારોને જમવાની પણ મુશ્કેલી ઉભી થઈ છે. જ્યારે તબીબી વર્તુળો જણાવી રહ્યા છે કે અત્યારે આંખ રોગચાળો તેની પીક ઉપર છે જેથી આવનારા દિવસોમાં દૈનિક કેસ ૧૨,૦૦૦ને પાર કરવાની પૂરે પૂરી શક્યતા છે. એક સમય એવો હતો કે આંખ રોગ નિષ્ણાતના ત્યાં માંડ ૫ થી ૧૦દર્દીઓ નોંધાતા હતા પરંતુ અત્યારે આવા ડાક્ટરોની હોસ્પિટલોમાં સીઝન ખૂલી હોય તેમ દૈનિક ૭૦ થી ૧૩૦ જેટલા કેસ નોંધાઈ રહ્યા છે.

ધન્વન્તરી રથ દોડાવવા પડે તેવી સ્થિતિ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં કન્ફેક્ટીવાઈટીસ તરીકે ઓળખાતા આંખોના રોગે વિકરાળ સ્વરુપ ધારણ કર્યું છે. જિલ્લામાં દૈનિક ૭૦૦૦થી વધુ કેસ નોંધાતાં દવાખાનાં અને આંખની હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે આરોગ્ય વિભાગે પણ હવે આંખોના રોગચાળાને કાબુમાં લેવા માટે ગામે ગામ ધન્વન્તરી રથ દોડાવવા પડે તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે.

દાંતીવાડા ડેમ પાસે પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના ૭૪મા વનમહોત્સવની ઉજવણી

પાલનપુર તા.૭

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ડેમ પાસે આવેલ બનાસ બાગ ખાતે લોકસભા સાંસદ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના ૭૪ મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ મેરી મિટ્ટી, મેરા દેશ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત હાથમાં માટી લઈ પંચ પ્રાણ પ્રતિજ્ઞા લીધી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ પ્રસંગે લોકસભા સાંસદ પરબતભાઈ પટેલે પ્રકૃતિના જતન અને સંવર્ધન પર ભાર મુકતા જણાવ્યું કે વૃક્ષ ઉછેર ખુબ માવજત માંગી લે છે ત્યારે આપણા બાળકની જેમ વૃક્ષ ઉછેરની પ્રવૃતિ કરી પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરીએ. પાણી, પર્યાવરણ અને માટી બચાવવા આપણે સંકલ્પબદ્ધ બનીએ. તેમણે કહ્યું કે વૃક્ષ વાવીએ તો વનનું નિર્માણ થાય છે જયારે વૃક્ષ કુદરતી રીતે ઉગે એને જંગલ કહેવાય છે. તેમણે ઉમેર્યું કે, ભૂતકાળમાં આપણા વડવાઓ પ્રકૃતિની ખુબ કાળજી રાખતા હતા એટલે વૃક્ષ વાવવાની જરૂર જ પડતી નહોતી જયારે આજે આડેધડ વૃક્ષોનું નિકંદન અને નદીઓના પૂરણને લીધે નદીઓના પ્રવાહ પણ બદલાઈ ગયા છે ત્યારે પ્રકૃતિનું જતન કરવું આવનારી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ખુબ જરૂરી છે. સાંસદ પરબતભાઈ પટેલે કહ્યું કે પર્યાવરણના મહત્વને સમજી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સૌ પ્રથમ ગુજરાતમાં કલ્યામેન્ટ ચેન્જ વિભાગની શરૂઆત કરાવી હતી. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિ કરવાની અપીલ કરી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

પાલનપુરની જવેલર્સની દુકાનમાં મહિલાની નજર ચૂકવી રૂપિયા ૧.૧૦ લાખના સોનાના બે પાટલાની ચોરી...

પાલનપુર તા.૭

પાલનપુર બિહારી બાગ આવકાર સોસાયટીમાં રહેતા મહિલા તેણીની સાસુ સાથે પાલનપુર ઢાળવાસમાં જુના દાગીનાની જગ્યાએ નવા દાગીના બનાવવા માટે ગયા હતા. દરમિયાન બે મહિલાઓ તેમની નજર ચૂકવી થેલીમાં રાખેલા રૂપિયા ૧.૧૦ લાખના સોનાના બે પાટલાની ચોરી કરીને લઈ ગઈ હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતભાઈ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,પાલનપુર બિહારીબાગ પાસે આવકાર સોસાયટીમાં રહેતા વર્ષાબેન મનીષભાઈ મકવાણા અને તેમના સાસુ રાજીબેન ઢાળવાસમાં આવેલા જવેલર્સની દુકાનમાં ચાંદીની તોડીઓ બદલવા તેમજ સોનાના પાટલામાંથી સોનાની બંગડીઓ કરાવવા માટે બેઠા હતા. ત્યારે બાજુમાં બેઠેલી ૨ અજાણી મહિલાઓએ તેમની નજર ચૂકવી થેલીમાં પડેલા રૂપિયા ૧,૧૦,૦૦૦ના સોનાના બે પાટલાની ચોરી કરીને લઈ ગઈ હતી. આ અંગે મનીષભાઈ દલપતભાઈ મકવાણાએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. મનીષભાઈ મકવાણાએ જવેલર્સની દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા ચોરી કરનાર બે મહિલાઓ તેમાં જણાઈ આવી હતી. જેમણે પંજાબી ડ્રેસ અને સાડી પહેરેલી છે. ઉંમર ૨૫ થી ૩૦ વર્ષની છે.

લોકોમાં આક્રોશ : પાલનપુર નગરપાલિકાની આંખો બંધ, રખડતાં ઢોર દેખાતાં જ નથી!!!

પાલનપુર તા.૭

૨ લાખની વસ્તી ધરાવતા પાલનપુર શહેરમાં હાલ મુખ્ય માર્ગો પર રખડતા ઢોરોનો અડિંગો છે. પાછલા ત્રણ વર્ષથી રખડતા ઢોરના હુમલામાં ૧૦ થી વધુ ઘાયલ થયા અને બે જણાના મોત થયા છે.વારંવાર શહેરના મુખ્ય માર્ગો પર આખલાઓ વચ્ચે યુદ્ધ જામે છે અને નાસભાગ મચે છે. પરંતુ પાલનપુર નગરપાલિકાના સેનિટેશન શાખાના સ્ટાફની તેમજ પાલિકાના શાસકોની જાણે ઈચ્છા શક્તિ મરી પરવારી હોય તેમ ત્રણ વર્ષથી માત્ર કોઈ એજન્સી કામ કરવા તૈયાર નથી તેવું બહાનું આગળ ભરીને જવાબદારીમાંથી હાથ ખંખેરી રહ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,એક તરફ જ્યારે ગુજરાતની અન્ય પાલિકાઓમાં રખડતા ઢોર પકડવા માટે એજન્સી મળી જાય છે ત્યારે પાલનપુરને જ ઢોર પકડવાની એજન્સી કેમ નથી મળતી..? તેવો વેધક સવાલ લોકોમાં ઉઠી રહ્યો છે. શહેરના માલણ દરવાજા વિસ્તારમાં પાલિકાની માલિકીનો પણ ઢોર વાડો પણ આવેલો છે છતાં આ બાબતે કોઈ ગંભીરતા દાખવાતી નથી. આક્રોશ વ્યકત કરતાં રહીશો જણાવ્યું હતું કે શહેરનું ઢોરોની

બાબતમાં જાણે કોઈ રણી ધણી ન રહ્યું હોય તેમ પાલિકા અને પોલીસ સ્ટાફ વર્તી રહ્યો છે. કોઈને કંઈ જ પડી નથી. ક્યારેય રોડ ઉપરથી પશુઓને હટાવવા માટેની તસ્દી સુદ્ધા લેવાતી નથી. ક્યારેય નિર્દોષ અબોલ જીવોની વાહનોથી ગંભીર ઈજા પણ પહોંચી જાય છે. "સ્થાનિક અગ્રણી બીરેનભાઈ જોશીએ જણાવ્યુ હતું કે નિયત હોય તો બધી જ સમસ્યાનો ઉકેલ જરૂરથી મળે જ.

તલોદમાં કિન્નર સમાજ દ્વારા માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

તલોદ, તા. ૭

તલોદ સ્વામી વિવેકાનંદ ઇંગ્લિશ સ્કૂલ ની પાસે આવેલ કિન્નર સમાજ દ્વારા નવીન બનાવેલ મકાન માં મદીર બનાવી આજે બહુચર માતાજી નો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવા માં આવ્યો.

કિન્નર સમાજના કાજલમાસી તથા કિન્નર સમાજ સમસ્ત પરિવાર તથા આજુબાજુના લોકો સાથે મળી માતાજી ની શોભાયાત્રા તેમના નિવાસ સ્થાને થી નીકળી બજાર માં પસાર થઇ અંબાજી માતાજી ના ચોક સુધી કાઢવામાં આવી આ કિન્નર સમાજ દ્વારા અંબે માતાજી ના મંદિરે ચાંદીનુ છત્રર ચડાવવા મા આવ્યુ તેમજ રામદેવપીર નો જ્યોત પાઠ નુ પણ આયોજન કરવા માં આવ્યુ આ સાથે રાત્રે ભોજન પ્રસાદ પણ સુંદર આયોજન કરવા માં આવ્યું હતું તેમજ રાત્રે ભવ્ય થી ભવ્ય રામદેવપીર ની મંડળી નું આયોજન કરી ભાવિ ભક્તો ને મંત્રમુગ્ધ કરી દીધા હતા

આ આયોજન કાજલમાસી અને સમસ્ત કિન્નર સમાજ દ્વારા કરવામાં આવ્યો હતો તલોદ તથા આજુબાજુ ની જાહેર જનતાને સુખ શાંતિ રહે તે માટે બહુચર માતાજી ને પ્રાર્થના કાજલમાસી દ્વારા કરવામાં આવી હતી

તલોદની અગ્રણી નાણાકીય સહકારી સંસ્થા ધી તલોદ નાગરિક સહકારી બેંકની ચૂંટણી યોજવામાં આવી હતી જેમાં ચેરમેન તરીકે તલોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવિણ ભાઈ રાવજીભાઈ પટેલ, વાઇસ ચેરમેન તરીકે સેજલ બેન વિપુલ ભાઈ મહેતા, મેનેજીંગ ડિરેકટર તરીકે મુકેશ કુમાર તુલજારમ શાહ અને જોઈન્ટ મેનેજીંગ ડિરેકટર તરીકે દિલીપભાઈ હીરા ભાઇ ધાનેક ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી બેંકના નવનિયુક્ત હોદ્દેદારોને પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર, તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન શીવુંભાઈ પટેલ, તલોદ તાલુકા ભાજપના પ્રમુખ કલ્પેશ પટેલ તલોદ માર્કેટ યાર્ડના ચેરમેન સંજય પટેલ,સહિત વેપારી એસોસિએશન અને આગેવાનો એ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. આ તબક્કે બેંક ના ચેરમેન પ્રવિણ ભાઈ પટેલે બેંકના આર્થિક રીતે વધુ સધ્ધર બનાવવાની ખાત્રી આપી હતી.

ગાંભોઈના છાત્રને મેડિકલમાં પ્રવેશ મળ્યો...



ગાંભોઈ, તા.૦૭

પ્રેરણા હાઈસ્કુલના પૂર્વ પ્રિન્સિપાલ પ્રતાપસિંહ રાઠોડના પૌત્ર હર્ષરાજ રાઠોડે ગાંભોઈ હાઈસ્કૂલમાં **H.S.C.**ની ૨૦૨૩ની પરીક્ષામાં સારા ગુણ મેળવી હિંમતનગર સરકારી મેડિકલ કોલેજમાં **MBBS** ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા સ્થાનિક ગાંભોઈ હાઈસ્કુલના પ્રિન્સિપાલ, સ્ટાફ તેમજ કેળવણી મંડળના હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

જુના ડીસા ખાતે નદીનાં પટમાં રવિવારની રજા માણતા જોવા મળ્યા...



ડીસા, તા. ૭

બનાસકાંઠા જિલ્લા ના જુનાડીસા ગામના બનાસ નદી ના પટ માં પાણી આવતા લોકો જોવા અને નહાવા માટે અનેરો આનંદ લઈ રવિવારની રજા હોઈ તા. ૦૬-૦૮-૨૦૨૩ નાં લોકો માટે સંખ્યામાં જોવા મળી રહ્યા હતાં હાલમાં ડેમમાં આવતા વધારાનું પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.. લોકોને નદીમાં ન્હાવા ના જવા માટે વહીવટી તંત્ર તરફ થી ચેતવણી આપવામાં આવી છે પણ છતાં એ લોકો હજુ પણ લોકો પોતાની મસ્તીમાં ન્હાવા ઉમટી પડ્યા નજરે જોવા મળે છે...

પેઢમાલા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંભોઈ, તા.૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પેઢમાલા યુવા સંગઠન દ્વારા પર્યાવરણ બચાવોના અભિયાન હેઠળ ખેડૂતોના ઘર આંગણે, ખેતરના શેઢે તેમજ પડતર જમીનમાં વિવિધ જાતના વૃક્ષોના રોપાઓનું વૃક્ષારોપણ કરી તેનું જતન કરવાના સંકલ્પ લીધા હતા.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા ખેત ઉત્પાદક સહકારી મંડળીની પ્રથમ સાધારણ સભા યોજાઈ

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકા ખેત ઉત્પાદક સહકારી મંડળી ની પ્રથમ સાધારણ સભા યોજાઈ. પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ઉપર આવેલ મા દશામા ની વાડી ખાતે પ્રાંતિજ તાલુકા ખેત ઉત્પાદક સહકારી મંડળી ની તથા એફ.પી.ઓ ની પ્રથમ સાધારણ સભા યોજાઈ હતી જેમા ઉપસ્થિત મહાનુભાવોનુ સ્વાગત સન્માન કરવામા આવ્યુ હતુ અને હિસાબો નુ વાંચન પણ કર્યુ હતુ તો સભામા કામોનુ સર્વાનુમતે મંજુર કરવામા આવ્યા હતા તો ૪૦૦ સભાસદો ધરાવતી આ મંડળી માંથી મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા તો આ પ્રસંગે સાબરકાંઠા મધ્યસ્થ બેંક ના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તો મંડળી ના ચેરમેન જીતેન્દ્ર કુમાર ચીમનભાઈ પટેલ , વાઈસ ચેરમેન કલ્પેશભાઈ જયંતિલાલ પટેલ સહિત મંડળીના અન્ય હોદેદારો સહિત સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી : ટીંટોઈ પોલીસે કુખ્યાત પશુ ચોરને ચાંદ ટેકરીમાંથી ઉઠાવ્યો

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા દોડાદોડી કરી રહી છે ટીંટોઈ પોલીસે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ઢોર ચોરીમાં ૭ પોલીસ સ્ટેશનની પોલીસને હંફાવતા પશુ ચોરને તેના ઘરેથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો જીલ્લા પેરોલ ફર્લો ટીમે મેઘરજ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતા-ફરતા રાજસ્થાનના ચોરને ઉંડવા સરહદ પરથી દબોચી લઈ મેઘરજ પોલીસને સોંપી દીધો હતો.

ટીંટોઈ પોલીસ સ્ટેશનના પીએસઆઈ કોમલ રાઠોડ અને તેમની ટીમને અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં સાત પોલીસ સ્ટેશન વિસ્તારમાં પશુ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ કુખ્યાત આરોપી સમીર સાબિર મુલતાની

મોડાસા શહેરના ચાંદટેકરી વિસ્તારમાં તેના ઘરે હોવાની બાતમી મળતા તાબડતોડ કુખ્યાત ઢોર ચોરના ઘરે ત્રાટકી ઘરને કોર્ડન કરી ઉંઘતો ઝડપી પાડતા મોતિયા મરી ગયા હતા ટીંટોઈ પોલીસે સાબિર મુલતાનીને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો ટીમે મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવા પેટ્રોલિંગ હાથધરતા મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૭ મહિના અગાઉ થયેલી ઘરફોડ ચોરીના ગુન્હાને અંજામ આપનાર રાજસ્થાન સીમલવાડાના ઉપલા રાસ્તાનો આરોપી દિનેશ ખાતરા ખરાડી મેઘરજ ઉંડવા બોર્ડર નજીક વાહનમાં પસાર થવાનો હોવાની બાતમી મળતા પોલીસ સરહદ વિસ્તારમાં વોચ ગોઠવી બાતમી આધારીત વાહનમાંથી ઉતરી રોડ પર બિંદાસ્ત ચાલતા પસાર થતા દિનેશ ખરાડી નામના ઘરફોડ ચોરને કોર્ડન કરી ઝડપી લઈ અટક કરી મેઘરજ પોલીસને સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.